# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

## એ-૩, જિલ્લા સેવાસદન-ર, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Emailsuratdeo@gmail.com


જા.નં.મા-૧/૨૦૨૦/ 3847 તા. ૧૬ /03/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળા, તમામ

સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, તમામ

જિલ્લો-સુરત.

વિષય: કોરોના વાયરસ અન્વયે સુરત જિલ્લાની તમામ શાળા કક્ષાએ શૈક્ષણિક કાર્ય તા.૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી બંધ રાખવા બાબત.

સંદર્ભ:- (૧) ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તા.૧૫/03/૨૦૨૦નો પરિપત્ર.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું તા.૧૫/03/૨૦૨૦નો પરિપત્ર.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ કોરોના વાયરસને COVID-૧૯ ને વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. સંદર્ભદર્શિત (૧) અને (૨) જાહેરનામાંથી ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસને COVID-૧૯ મહામારી અંગે એપેડેમીક એક્ટ-૧૮૯૭ અંતર્ગત જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. સંદર્ભ-રથી શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાં અનુસાર રાજ્યની તમામ શાળાઓમાં તા.૧૬/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનું રહેશે તેમજ નીચે મુજબની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

- આ સૂચના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સી.બી.એસ.ઈ. દ્વારા ચાલી રહેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાને લાગુ પડશે નહી. ઉપરાંત મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર ચાલનારી બોર્ડની પરીક્ષાની મૂલ્યાંકન પ્રક્રિયા ચાલુ રહેશે.
- કોઈપણ શાળામાં વાર્ષિક પરીક્ષાઓ ચાલુ થઇ ગયેલ હોય તો આરોગ્ય વિભાગની માર્ગદર્શક સૂચનાઓને ધ્યાને રાખી આગામી સપ્તાહમાં પૂર્ણ કરવાની રહેશે.
- જે શાળાઓમાં પરીક્ષાઓ ચાલુ ન હોય તેવી તમામ શાળાઓમાં તા.30/03/૨૦૨૦ થી પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે. સરકારી પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તા.30/03/૨૦૨૦થી શરુ થનાર વાર્ષિક પરીક્ષાનું સમયપત્રક ખાતાની વાડી કચેરી દ્વારા નવેસરથી બહાર પાડવામાં આવશે.
- શાળાના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ શાળા ખાતે ફરજ પર હાજર રહેવાનું રહેશે.

ઉક્ત સૂચનાઓનું કોઈ શૈક્ષણિક સંસ્થા દ્વારા ઉલ્લંઘન કરેલ હોવાનું ધ્યાને આવશે તો તેની વિરુદ્ધ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

**નકલ સવિનય રવાના:-**

(૧) માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા. ગાંધીનગર તરફ.

(૨) માન.કલેક્ટરશ્રી, સુરત તરફ.

(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત તરફ.

**નકલ રવાના:-** તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિલ્લો સુરત તરફ જાણ તથા તાબાની તમામ શાળાઓમાં જાણ કરવા સારુ.

Scanned with CamScanner